# 'મેં એમને ઝૂંપડપટ્ટીમાંથી ૨૧મી સદીમાં લઇ જવાનું સ્વપ્ન જોયું છે'

*હિતેશ અંકલેશ્વરિયા* ● અમદાવાદ, ૩૦ એપ્રિલ.

પરુની ઉંમર બાર વર્ષની છે. તેના બાપ-દાદાએ ક્યારેય કોઇ શાળામાં અક્ષરજ્ઞાન નથી લીધું. આદિવાસી સમાજના પરુનાં માતા-પિતા અમદાવાદ જેવાં શહેરોમાં મજૂરી માટે આવે છે. નથી આ સમાજના લોકોમાં અક્ષરનું જ્ઞાન કે નથી કુટુંબ નિયોજનનું જ્ઞાન. ૨૧મી સદીમાં પણ તેમનાં ઉપર આકાશ અને નીચે ધરતી છે. પરંતુ પરુ હવે લખતા અને વાંચતા શીખી ગયો છે. તેનું કારણ તે જે ઝૂંપડપટ્ટીમાં રહે છે, ત્યાં આજથી બે વર્ષ પહેલાં એક વ્યક્તિએ રસ્તે ચાલતી શાળા શરૂ કરી હતી. આજે તે શાળામાં આદિવાસી અને પછાત જાતિનાં બાળકો ભણવા આવે છે. બે વર્ષ પહેલાં જે પરુ ગુટકા ખાતો, જેને બોલવા ચાલવાની ખબર નહોતી પડતી, તે છોકરો ગામેથી પોતાના ભાઇને ભણવા શહેર લઇ આવ્યો છે.

શહેરના અનેક નિર્જન વિસ્તારોમાં આ વિચરતી જાતિના લોકો આવીને વસી જાય છે. તેઓ ક્યારેય સમાજના મુખ્ય પ્રવાહમાં ભળતા નથી. શહેરમાં ખોદકામ કરીને પૈસા રળતાં આ લોકોમાં કોઇ પ્રકારનું જ્ઞાન હોતું નથી. ઉપર આકાશ અને નીચે ધરતી સિવાય તેમનો કોઇ આશરો નથી. તેમનામાં કુટુંબનિયોજન જેવું હોતું નથી. તેમનાં બાળકોને કુદરત જીવાડે તેવી જીંદગી જીવે છે. તેઓ ક્યારેય સમાજના ઢાંચાને શીખી શકતા નથી. ત્યાં એક શાળાની શરૂઆત થાય અને તે રખડતાં બાળકો તેમાં ભણે તો નવાઇ ન લાગે?! સુધી બન્યું નથી, કારણ કે હવે તેમના માટે આ સ્કૂલ એક સ્વપ્ન બની ગઇ છે.

બે વર્ષમાં ૮૦ વિચરતી જાતિનાં બાળકોને તેમણે પાયાનું અક્ષરજ્ઞાન આપ્યું છે. આ અંગે તેઓ કહે છે, અમારી સંસ્થા હેલ્પલાઇનનો ઉદ્દેશ્ય સમાજ માટે આ પ્રકારનું કામ કરવાનો હતો પણ તેની શરૂઆત થઇ નહોતી, આ કામની શરૂઆત કરવા હું શહેરની દરેક ઝૂંપડપટ્ટીમાં ગયો, તે લોકોની વાતો, ભાષા, જીવન, વગેરેથી પરિચિત થયો પછી આ વિસ્તારના આદિવાસી બાળકોને ભણાવવાનું નક્કી કર્યું. મહિનાઓ સુધી મને આ લોકોએ સહકાર નહોતો આપ્યો. બાળકો ભણવા નહોતા આવતા. ત્યારે હું તેમને જબરજસ્તીથી પકડી લાવતો. ચોકલેટ અને નાસ્તો કરાવવાની લાલચ આપતો. તેમને ભણાવવા માટે તેમની અનેક ગાળો પણ મેં ખાધી છે. મહિનાઓની મહેનતે એક છોકરી ઇન્દુ મારી વિદ્યાર્થિની બની. બસ ત્યારથી મેં પાછું વળીને જોયું નથી." મહેશભાઇ શરૂઆતમાં વિદ્યાર્થીઓને તેમનાં ઝૂંપડાંઓમાંથી લઇ આવતા, તેમનાં નાક, હાથ-પગ સાફ કરતા. તેમને જમતાં શિખવાડતા. બોલતા શિખવાડતા. પોતાના સંતાનો જેટલો પ્રેમ આપીને તેમની નજીક જતા અને પછી એકડો ઘૂટતાં શિખવાડતા. આજે બે વર્ષે પરિસ્થિતિ સાવ બદલાઇ ચુકી છે. રસ્તે ચાલતી આ સ્કૂલમાં સાહેબ ક્યારે ભણાવવા આવશે તેની બાળકો રાહ જુવે છે. તે વિચરતી જાતિના બાળકોને હવે ભણવું છે.



● કપિલ ભચેચ

નારણપુર પોલીસ સ્ટેશન સામે રેલવે લાઇન પાસેની ઝૂંપડપટ્ટીમાં આજે હેલ્પલાઇન એજ્યુકેશન સ્કૂલ ચાલે છે. રોજ સવારે નવ વાગ્યે બાળકો સ્કૂલનો યુનિફોર્મ પહેરી, હાથમાં થેલી લઇને ત્યાં ભણવા આવી જાય છે. સવારે પ્રાર્થના કરીને તેઓ ભણવાની શરૂઆત કરે છે. પરંતુ રોજ સૌપ્રથમ આ વિદ્યાર્થીઓના સર મહેશભાઇ દેસાઇ ત્યાં આવી જાય છે. કચરો વાળી, તેઓ બાળકોની બેસવાની જગ્યા સાફ કરે છે, પાણીનું માટલું ભરી રાખે છે. પછી મહેશભાઇ ભણાવવાની શરૂઆત કરે છે.

અંકુર વિસ્તારમાં રહેતા મહેશભાઇને પોતાનો રેડીમેડ ગારમેન્ટનો બિઝનેસ છે અને તેઓ જ આ સ્કૂલના સ્થાપક છે. દિવસ દરમિયાન બિઝનેસમાં વ્યસ્ત રહેતા મહેશભાઇ સવારે આ બાળકોને ભણાવવા સિવાય કોઇ કામ કરતાં નથી. સ્કૂલના સમયે તેઓ અહીં પહોંચ્યાં ન હોય તેવું આજ

ઘણાં બાળકો હવે લખવાનું અને વાંચવાનું શીખી ચૂક્યાં છે. આજ સુધી તું તારી કરતાં બાળકો બહારથી કોઇ મહેમાનને આવતા જુવે તો જય શ્રી કૃષ્ણ કહીને સંબોધે છે. શિસ્ત કોણે કહેવાય તેની તેમણે ખબર પડવા લાગી છે. મહેશભાઇ કહે છે કે, આ બાળકો હવે અહીંથી ભણીને કોર્પોરેશનની સ્કૂલમાં ભણવા જશે. આમાંથી જ કોઇ બાળક આવતીકાલે શિક્ષક, ડોક્ટર કે વકીલ બનીને બહાર આવશે. અમારું સ્વપ્ન આ કામ અમદાવાદની દરેક ઝૂંપડપટ્ટીમાં કરવાનું છે. પરંતુ તે માટે ધીરજ અને ધગશવાળા કાર્યકર્તાની જરૂર છે. જોકે, હવે આ બાળકોને એક નવા ટીચર ડોલીબહેન મળ્યાં છે. સરકાર સાક્ષરતા અને તંત્રની પોલિસી સાક્ષરતા અભિયાનની વાતો સિવાય કંઇ કરતા નથી. જ્યારે મક્કમ મનના કેટલાક માનવીઓ પોતાની ક્ષિતિજ આપ મેળે જ શોધી લેતાં હોય છે.